ફક્ત ઈમામી ઈસમાઈલીઓ માટે

# રૂહાની-રાઝ

હઝરત ઈમામ આકા.
સુલતાન મુહમ્મદ શાહનાં
અમુલ્ય ફરમાન

# રૂહાની - રાઝ

આ પુસ્તિકાના સંગ્રહકર્તા :-


મી. મહમદઅલી ઇબ્રાહીમ નાનજી
" અભ્યાસી "

૪૭૪, કચ્છ બીલ્ડીંગ, ત્રીજે માળે,
કરીમાબાદ, ફેડરલ બી એરીઆ,
કરાચી-૩૮.

સર્વ હક્ક સ્વાધીન

આવૃત્તિ ત્રીજી

૨૦ જુલાઈ ૧૯૮૪

પ્રત : ૧૦૦૦

: મુદ્રક :

ગુલકો પ્રિન્ટર્સ,

તાલપુર રોડ, (વુડ સ્ટ્રીટ), કરાચી-૨.

ફોન : ૨૩૯૦૭૨

સતગુર કહેરે ધર્મ તો સાચો ઈમાનનો
ઈમાન સા ચો જા ણુ
જે ઈમાન લાવશે ફરમાનશું
તે દા સ અમારા જા ણુ

આપણા મઝહબનો મુખ્ય સિધ્ધાંત ઈમામનાં ફરમાનો છે. ફરમાન થકી આપણને આપણા મઝહબનું તત્ત્વજ્ઞાન જાણવા મળે છે. તેમજ ફરમાન થકીજ જીવન જીવવાનો સરળ માર્ગ સમજાય છે.

ફરમાન મુબારકમાં હકીકત અને મારફતના જવાહીરો છુપાયેલા હોય છે. હકીકતી મોમનો આ અમુલ્ય મોતીઓને ઝીલી લીયે છે.

" રૂહાની રાઝ " માં હઝરત ઈમામ આકા સુલતાન મુહમ્મદ શાહના અણમોલ મોતીઓ સમાવી લેવામાં આવ્યા છે. આ મોતીઓ મુખ્યત્વે "મોમન" અને "રૂહ"ને લગતા છે. આ ફરમાનોના સંગ્રહકર્તા મી. મહમદઅલી ઈબ્રાહીમ નાનજી "અભ્યાસી"ને તેમણે લીધેલી જહેમત બદલ અને તેવણ અને તેમના અન્ય સાથીદારોની આપણા પવિત્ર મઝહબ અને દીનબંધુઓ પ્રત્યેની લાગણી કે જેના થકી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે તે બદલ તેઓને ઘણા જ ધન્યવાદ ઘટે છે. આ પુસ્તિકા વાચેઝીનો, શિક્ષકો તેમજ અન્ય રસ ધરાવતા મોમનો માટે માર્ગ-દર્શક થઈ પડશે.

શુભેચ્છાઓ સહીત

પ્રકાશક.

# ફરમાન મુબારક

હઝરત મૌલાના ધણી સલામત સરકાર આકા સુલતાન મુહમ્મદશાહ દાતાર ઇમામે ફરમાવ્યું કે :

રાજકોટ, તા. ૨૧-૧૦-૧૯૦૩

અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ, ત્યારે મોતીઓના ઢગલા આપીએ છીએ, પણ પરીક્ષા કરનાર મોમન હોય,તેજ તે મોતીઓની કિંમત સમજી શકે છે. અને સમજે છે કે, તેઓને શું ચીજ મળી છે.

જામનગર, તા. ૧૪-૪-૧૯૦૦

તમારા ઉપર વાજબ છે કે અમો જે ફરમાનો કરીએ તે પ્રમાણે તમે અમલ કરો. મોમનનો એજ ધર્મ છે.

મોમન હોય તે હાઝર ઇમામના ફર-

માન કબુલ કરે અને જે કાંઈ હાઝર ઈમામ હુકમ ફરમાવે તે માથે ચડાવે.

પુના, તા. ૧૫-૯-૧૯૦૫

હકીકતી મોમનોએ અમારા ફરમાન ઉપર મુસ્તકીમ રહેવું જોઇએ.

હકીકતી મોમનને જો ફરમાન થાય કે, છ માસ અથવા એક વર્ષ દસ્ત નહીં ચુમવા. તો ફરમાન કબુલ કરીને દસ્ત ચુમવાનો ખ્યાલ પણ ન રાખે. જ્યારે ફરીથી હુકમ થાય ત્યારે તેણે હાજર રહેવું જોઈએ.

જેઓ અમારા ફરમાન ઉપર અમલ કરે છે, તેઓજ હકીકતી મોમન છે.

હકીકતી મોમનોએ અમારા ફરમાનો મુજબ ચાલવું જોઈએ. જેવી રીતે એક લશ્કરી પોતાની મરજી પ્રમાણે જરા વાર

સડક પર ચાલે છે અને જરા વાર નીચે ચાલે છે, તે પ્રમાણે મરજી મુજબ ચાલવું એ હકીકતી મોમનનો રસ્તો નથી.

હકીકતી મોમનોએ હંમેશા ફરમાન ઉપર નિગાહ રાખવી.

નૈરોબી, તા. ૪-૧૦-૧૯૦૫

મોમનને વાજબ નથી કે પોતાની નિગાહમાં આવે તેમ કરે.

જંગબાર, તા. ૪-૭-૧૮૯૯

તમે મોમન હો પણ થોડી કસર હોય તે કામ ન આવે.

નૈરોબી, તા. ૪-૧૦-૧૯૦૫

જે મોમન પોતાની દીકરીને પૈસા લઈને પરણાવે છે, અથવા તો સામસામા સગપણ કરે છે તે કદી પણ જન્નતમાં જનાર નથી અને તે મોટો ગુનેહગાર છે.

મોમનના બચ્ચાં કાંઈ ગુલામ નથી. ગુલામ હોય, તેને પણ વેંચવામાં ગુનાહ છે, ત્યારે મોમનનાં બચ્ચાં તો વાસ્તવીક રીતે મારાં જ બચ્ચાં છે.

જંગબાર, તા. ૧૭-૯-૧૯૦૫

અમારૂં દિલ હંમેશાં મોમનની નજદીક છે. ઈન્સાનના શરીરના રૂંવાડા છે. તે કરતાં પણ નજદીક તમારા દિલમાં અમે બેઠા છીએ.

મોમન છે તે તલવાર અથવા કોઈ બીજા હથીયાર તેમ મોતથી પણ ડરતો નથી મોત તો મોમન વાસ્તે ખુશીનો દિવસ છે.

અગાઉ જે મોમનો થઈ ગયા છે, તેઓએ તલવારના ઘા સહન કીધા છે. તેઓએ પોતા ઉપર કેટલી મુસીબતો અને મહેનતો ઉપાડેલ છે, પણ તેઓ

ડરતા નહી હતા.

મંજેવડી, તા. ૫-૧૧-૧૯૦૩

મોમનને લાજમ છે કે જમાત તથા સરકારની ખિદમત બરાબર બજાવવી.

મોરબાસા, તા. ૧૨-૧૧-૧૯૦૫

મોમન અમારી ઔલાદ છે. તમે અમારા ફરજંદોની ખિદમત કરો છો, ત્યારે તે અમારી પોતાનીજ ખિદમત કરો છો.

રાજકોટ, તા. ૨૦-૨-૧૯૧૦

અમારા મોમનની જે ખિદમત કરે છે, તે અમારી ખિદમત કરે છે.

મંજેવડી, તા. ૫-૧૧-૧૯૦૩

મોમનને લાજમ તથા વાજબ છે કે મગરિબ વખતે હંમેશાં દુઆ પડવા હાજર થાય.

નૈરોબી, તા. ૪-૧૦-૧૯૦૫

એક મોમન માણસ હોય તે એવો ખ્યાલ કરે કે હું આજે જમાતખાનામાં નહિ જઇશ, તેના બદલે કાલે જઇશ. વળી કાલ થાય, ત્યારે એવો ખ્યાલ કરે કે હવે આજ તો નહિ કાલે જઈશ. આ પ્રમાણે જો તે સુસ્તી કરશે, તો સુસ્તી કરવાની તેને આદત થઇ જશે અને આસ્તે આસ્તે તેનું ઈમાન ઓછું થઈ જશે. એમ કરતાં કરતાં આખરે તેનું સઘળું ઈમાન જતું રહેશે.

આવી સુસ્તી મોમનને થઇ તેનું કારણ શું? કારણ એ છે કે શેતાન તેની પુઠે લાગેલો હોય છે.

જંગબાર, તા. ૪-૭-૧૮૯૯

જેમ માણસો પોતાની દોલત સંભાળે

છે તે પ્રમાણે મોમન પોતાના ઈમાનની સંભાળ રાખે છે.

જામનગર, તા. ૮-૪-૧૯૦૦

મોમનની નિશાની એ છે કે દુનિયામાં ખરાબ કામ ન કરે.

જંગબાર, તા. ૯-૯-૧૮૯૯

મોમનને ગુનાહથી દૂર ભાગવું જોઈએ. જેમ માણસો બીમારીથી દુર નાસે છે તેમ મોમન ગુનાહથી દુર નાસી જશે.

જંગબાર, તા. ૧૩-૯-૧૮૯૯

જે ઈન્સાન મોમન છે તેના સર્વે કામો સાફ હોવા જોઈએ. મોમનના ખ્યાલ, વિચાર અને બાતુન સર્વે સાફ જોઇએ. મોમનને સર્વે બાબતોનો ખ્યાલ હોવો જોઈએ.

મોમનનો વેપાર છે તે પણ મોમનની

ઈબાદત્ છે.

મોમન રાતની વેળા સુએ છે ત્યારે વિચાર કરે છે કે હું વહેલો ઊઠીને સારા કામ કરીશ. મોમન આવા સારા ખ્યાલ કરીને સુએ છે ત્યારે તેનું સુવું પણ ઈબાદતમાં લેખાય છે.

જંગબાર. તા. ૧૪-૯-૧૮૯૯

જે મોમન છે તે એવી ઉમેદ રાખે કે અસલ મકાને પહોંચે.

જંગબાર, તા. ૧૧-૯-૧૮૯૯

તમે મોમન છો તો ખુદાવંદતઆલા ઉપર આશક થાઓ.

મંજેવડી, તા. ૫-૧૧-૧૯૦૩

મોમનની ઈચ્છા આગળ વધવાની છે.

કચ્છ મુંદ્રા, તા. ૧૬-૧૧-૧૯૦૩

મોમનને વાજબ છે કે, દુઆને વખતે જમાતખાનામાં હાજર રહેવું.

જંગબાર, તા ૨૮-૮-૧૯૦૫

મોમન તથા મુરશિદની કાંઈ જુદાઇ નથી.

જંગબાર, તા. ૧૬-૯-૧૮૯૯

મોમનને ગરીબ કે પૈસાદાર કોઇ વધારે નથી. બન્ને બરાબર છે.

અમે તમને રસ્તો દેખાડીએ છીએ. રસ્તામાં પથ્થર પડેલા હોય તે ખેસવીને રસ્તો સાફ કરી આપીએ છીએ. હવે તે ઉપર ચાલવું કે ન ચાલવું તે તમારી ખુશી ઉપર આધાર રાખે છે.

મોમન મોમન વચ્ચે હંમેશાં એકદિલી તથા સંપ રાખવો.

દારેસ્સલામ, તા. ૨૮-૯-૧૮૯૯

મોમન ફિરસ્તા જેવો થાય તમે મોમન એવા થઇને ચાલો કે એક બીજાને નુકશાન ન પહોંચે.

સારી સ્ત્રી તે છે કે જેના કામ સારા હોય. તેના કામ મોમન જેવા સારા હોય.

મોમનના મોઢામાંથી લાનત અથવા ખરાબ શબ્દો નીકળવા ન જોઇએ. મોમનનું મોઢું બગીચા મિસાલ છે.

મુંબઈ, તા. ૯-૧-૧૯૦૮

મોમનની નિશાની એ છે કે કદી પણ મતલબ વગરની અથવા ગેરવાજબી વાત કરતો નથી. દીન અથવા દુનિયા બન્નેમાંથી કોઈ પણ ફાયદો હોય તોજ તે વાત કરે છે. પણ અર્થ વગરની નકામી બડબડ કરતો નથી.

જામનગર તા. ૪-૪-૧૯૦૦

મોમન વાસ્તે પહેલુ કામ એ છે કે હેવાનની હાલત છોડી આપે.

કોઇ પરાયાનો માલ ખાઈ જવો તે મોમન માટે વાજબ નથી.

દારેસ્સલામ, તા. ૨૯-૯-૧૮૯૯

આતશના ગુરંજથી ડરીને ધાસ્તીના લીધે ઈબાદત બંદગી કરે તે મોમન નથી, પણ ખરૂં ડરવું એ છે કે ખુદાના દીદારથી દુર ન થવાય, તેનાથી ડરવું જોઇએ.

મોમન ઈન્સાન લિબાસ સારો પહેરે છે તે થોડા ગુનાહ કરે તો પણ તેની નજરમાં તે ગુનાહ મોટા જણાય છે.

જામનગર, તા. ૬-૪-૧૯૦૦

મોમનને ઘટારત છે કે પોતાને ઘણું ઘણું સંભાળે.

તમે ઘણા માણસો મોમન છો. તમને વાજબ છે કે પોતાનું દિલ પાક રાખો.

મોમન હોય તે ફિકર રાખે તથા દિલમાં તપાસ રાખે.

વઢવાણ કેમ્પ, તા. ૧૯–૧૦–૧૯૦૩

મોમન પોતાને તથા પોતાની ઔલાદને બેદીન લોકોથી દુર રાખે છે.

રાજકોટ, તા. ૨૧–૧૦–૧૯૦૩

હકીકતી મોમન ફક્ત રમજાન મહીનામાં રોજા રાખતા નથી. તેઓને તો ત્રણસોને સાઠ દિવસ રોજા હોય છે.

રાજકોટ, તા. ૨૧–૧૦–૧૯૦૩

મોમનની નિશાની એ છે કે એક વખતમાં રાજી થઈ જતો નથી.

મોમનની નિગાહ હંમેશાં ઉંચે જવાની હોય છે. મોમનનો ખ્યાલ એવો

હોય છે કે, હું ફિરસ્તો થઈ જાઉં.

મુંબઈ, તા. ૪-૪-૧૯૦૬

કુસંપ રાખવો એ મોમનનું કામ નથી. કોઈની દુશ્મની કરવી એ મોમનને વાજબ નથી.

જંગબાર, તા. ૧૭-૯-૧૯૦૫

તમે મોમન છો. તમોને વાજબ છે કે કોઇ સાથે દુશ્મની રાખવી નહીં.

જંગબાર, તા. ૭-૮-૧૮૯૯

હકીકતી મોમન ખુદાને ઓળખે તો, ખુદા તેને નજીક થાય છે.

હકીકતી મોમન સર્વે ઠેકાણે ખુદાને જુએ છે.

હકીકતી મોમનના દિલમાં ખુદાવંદતઆલા બિરાજે છે.

ખુદાવંદતઆલાના દેખતાં મોમન બદકામ

કરી શકતો નથી.

ખુદાવંદતઆલા જુએ છે તે મોમનને ખબર છે. ત્યારે ખુદાવંદતઆલાના દેખતાં મોમન બદકામ કેવી રીતે કરી શકે? ખુદાવંદતઆલા જુએ છે. ત્યારે મોમન તેના જોતાં બેઅદબ કેમ થાય? તે નેક કામ જ કરશે. બદકામ નહિ કરે.

દારેસ્સલામ, તા. ૨૭–૯–૧૮૯૯

તમે મોમન છો તમારી દીનની બહેનો છે તેઓ ઉપર બદનજર જરા પણ નહીં કરતા.

જંગબાર, તા. ૩૧–૮–૧૮૯૯

ભુલમાં માલેવાજબાત ખવાઈ ગયો હોય તે છાંટો નખાવવાથી માફ થાય પરંતુ મોમનના ગુનાહ કરશો તે માફ નહિ થાય.

જે મોમન હશે તે મસ્તાના સિંહ જેવો હશે તેને કાંઈ ધાસ્તી નથી.

આવો મોમન ગુજરી જાય તેને કાંઈ પણ પરવા નથી. તે આ દુનિયામાંથી છુટચો કે આરામથી ચાલ્યો જશે.

હકીકતી મોમનને દુનિયામાં ફાયદો નથી. દુનિયામાં ખુશી નથી. હું પોતે દુનિયામાં છું તે કેદખાનું છે એમ સમજું છું.

મોમન વાસ્તે દુનિયામાં કાંઈ નથી.

મોમન સમજદાર અને અક્કલવાળા મોમન હોય તેમના માટે દુનિયા જહન્નમ છે.

મોમન અકકલવાળો હશે અને વિચાર કરશે તો તેને દુનિયા જહન્નમ જેવી લાગશે.

મોમનની નિશાની એ છે કે તે સમજે કે, ખુદાવંદતઆલાની નજીક થાઉં અને ખુદાવંદને નજીક બનાવું.

મોમનને વાજબ છે કે કેદખાનામાંથી રૂહને કાઢીને સારી જગ્યામાં રાખે.

મોમનને એ ખ્યાલ જોઈ એ કે કેદ-ખાનામાંથી નિકળી જાએ તો બહેતર છે.

જામનગર, તા. ૪--૪--૧૯૦૦

આ દુનિયામાં કોઈ મોમન ગરીબ હોય તેને દિલાસો આપો.

મોમનને દુનિયામાં કાંઈપણ નુકશાની થાય છે તેનું તેને દુઃખ થતું નથી.

દુનિયામાં મોમનને નુકશાની થાય તો પણ ગમ ન કરે. દીનનો ઈતેકાદ અને ઈમાનની નિશાની એજ છે.

વઢવાણ કેમ્પ, તા. ૧૮–૧૦–૧૯૦૩

તમે કહો છો કે અમે મોમન છીએ ત્યારે અમે પુછીએ છીએ કે જનાવરથી કયો હુન્નર તમારામાં વધારે છે?

દારેસ્સલામ, તા. ૨૭–૯–૧૮૯૯

એક કલાક ખ્યાલ કરજો કે રૂહ શું છે? આવી રીતની આદત હોય ત્યારે મોમન થાય. આવા આવા વિચાર કરશો ત્યારેજ મોમનના લક્ષણ તથા દીનની ખબર તમને પડશે.

રાજકોટ, તા. ૨૬–૧૦–૧૯૦૩

તમે મોમન રૂહાની લશ્કર છો. જે મોમન શખ્સ છે, તેની સોબતમાં બેસતા જજો.

હકીકતી મોમનની દોસ્તી કરશો તો ફાયદો થશે.

મંજેવડી, તા. ૩-૧૧-૧૯૦૩

જે મોમન આ દુનિયા છોડી જાય છે. તેને માટે આ દુનિયા તંગ જગ્યા છે.

મોમન આ તંગ જગ્યા છોડીને મોટી કુશાદે જગામાં જવા ઇચ્છે છે.

મંજેવડી, તા. ૪-૧૧-૧૯૦૩

જે ઇન્સાન મોમન છે તેનો રસ્તો સાફ છે.

મોમનની ઉમેદ ફિરસ્તા બનવાની હોવી જોઈએ.

કચ્છ મુંદ્રા, તા. ૨૧-૧૧-૧૯૦૩

તમે બધા અમારા મોમન છો. તમે દિલમાં ચોકસી કરો કે અમે હંમેશાં તમારી પાસે છીએ.

કચ્છ ભદ્રેસર, તા. ૨૩-૧૧-૧૯૦૩

આ દુનિયામાં બે જાતના મોમન છે,

જેમાં એક બદનના મોમન છે તથા બીજા રૂહના છે. જેઓ બદનના મોમન છે. તેઓ અહીંજ રાજી થાય છે અને આ દુનિયામાં જ રહેવાને રાજી છે. તેઓ આખરે જમીન-માં જ જાય છે. આ વડાઈના મોમનો છે, તેમની જગ્યા જમીનમાંજ હોય છે.

બીજા જે રૂહના મોમનો છે તે એવા થાય છે કે દીનના કામમાં તેઓ આગળ અને આગળ કદમ ભર્યા કરે છે. તેઓ ઊભા રહેતા નથી તે મોમનો નિરંતર આગળ વધ્યા જ કરે છે. આવા માણસો બહેસ્તથી પણ ઊંચે જશે.

જંગબાર, તા. ૧૧–૯–૧૮૯૯

હકીકતી મોમન દિલમાં વિચાર કરે છે.

જંગબાર, તા. ૧૫–૮–૧૯૦૫

મોમનનું દિલ છે તે ખુદાવંદત-

આલાનું ઘર છે.

સીધપુર, તા. ૧૬–૧૦–૧૯૦૦

મોમનના દિલની ખુબી એવી છે કે અમે તેના દિલમાં રહીએ છીએ.

મુંબઈ, તા. ૪–૪–૧૯૦૮

મોમનનું દિલ એ ઈમામને રહેવાનો બંગલો છે.

જંગબાર, તા. ૧૫–૮–૧૯૦૫

મોમનના દિલમાં ફિતનો હોતો નથી.

અમારા મોમન અમને અમારા વાળ કરતાં વધારે નજદીક છે.

પુના, તા. ૧૮–૨–૧૯૦૬

જે ઈન્સાન હકીકતી મોમન છે, તે સારા આમાલ કરે છે.

તમે અમોને જાહેરમાં મહેમાનીઓ કરો છો તેમ અમારા મોમન અમને બાતુનમાં રાત દિવસ મહેમાનીઓ કરે છે.

મોમ્બાસા, તા. ૧૪–૮–૧૯૦૫

જુઓ આવો દરિયો છે,તેમાં પહાડો તથા મોટા મોટા જાનવરો છે. આ બધું પસાર કરીને અમે અહીં આવ્યા છીયે તે બીજી કોઈ ચીજને માટે નહીં, પણ ખાસ અમારા મોમનોને માટે આવ્યા છીયે.

મોમનોના દિલમાં અમારી જગ્યા છે, અને તમે અમારા દિલની નજદીક છો.

નૈરોબી, તા. ૩૧–૧૦–૧૯૦૫

જાહેરીમાં અમે તમારી પાસેથી જઈએ છીએ, પણ અમારી મહોબ્બત દિલ તથા રૂહ મોમનની સાથે જ છે અને તમારી સાથે જ રહેશે, એટલે કે જમાત-ખાનામાં રહેશે. અમારો રૂહ તથા મહો-બ્બત મોમના દિલની નજીક છે.

નૈરોબી, તા. ૬-૧૦-૧૯૦૫

શેતાન રાત દિવસ તમારી પાસે તૈયાર જ બેઠો છે. ફક્ત હકીકતી મોમન જ તેના ફરેબથી બચે છે.

હકીકતી મોમન રાત અને દિવસ એવા ખ્યાલ રાખે છે કે મારા આમાલ પાક રહે તો સારૂં અને મને શેતાન બાજી ન આપે તો સારૂં. આવી રીતે હકીકતી મોમન શેતાનથી ડરતો રહે છે. શેતાનને તે પોતાનો દુશ્મન સમજે છે.

જબાન પાક રાખવાની મતલબ એ છે કે કોઈ પણ વખત કોઈ મોમન અથવા બીજાની ગીબત કે બદગોઈ કરવી નહીં. આવી રીતે તમારી જબાન પાક રાખો. કદાચ કોઈ મોમનમાં કોઈ જાતનો એબ

માલમ પડે તો તેનો ઈન્સાફ કરીને તમારી જબાનથી તેનો એબ બોલવો નહીં.

કોઇ પણ માણસ અથવા મોમનનો ઈન્સાફ કરવો એ તમારૂં કામ નથી.

ખુદાવંદતઆલા પણ માણસોના એબ ઉપર પડદો ઢાંકે છે, ત્યારે તમારે પણ પોતાની જબાનથી કોઈનો એબ ખુલ્લો કરવો નહિ જોઈએ. આવી રીતે તમારી જબાન પાક રાખો.

આ દુનિયા રૂપી દરિયામાંથી સાતમા આસમાનની સુકી જમીનને પહોંચવા માટે રસ્તામાં જે સડક છે, તે પર શેતાન ઘણી જાતના વરસાદ વરસાવે છે. ફિતના, દુશ્મની, જુઠું બોલવું વિગેરે હજારો જાતના વરસાદ તે રસ્તાઓ ઉપર વરસાવે

છે, અને મોમનને સુકી જમીન ઉપર ચડવા નથી આપતો.

જે કોઈ મોમનની એવી ઇચ્છા હોય કે રાત દિવસ ખુદાને રાજી કરૂં અને શેતાનને તાબે ન થાઉં તેની પહેલી ફરજ એ છે કે જે મોમન હોય તેના દિલને રાજી કરે.

એક માણસનું ઈમાન ગમે તેટલું મજબુત હશે તો પણ જો તે કોઈ મોમનને દુઃખ દેશે તો તેણે અમને દુઃખ દીધા બરાબર છે.

મોમનને આપેલું દુઃખ અમારા કલેજામાં બાણની માફક અમને લાગે છે.

અમારા પાક મોમનને અમે અમારી આંખોમાં રાખીએ છીએ. એવા મોમનને

કોઈ દુઃખ દેશે તો તેણે જાણે અમારી આંખોને દુઃખ આપ્યું. માટે કોઈ પણ મોમનને દુઃખ આપશો તો તે દુઃખ તમોએ અમનેજ દીધું. એમ સમજજો.

તમોએ કોઈની નીંદા કરી હોય તો તરત તેની રૂબરૂમાં જઈ તેના તરફ કરેલો તમારા ગુન્નાહ તેની પાસે કબુલ કરજો અને તે માફ કરવા માટે તેને આજીજી કરજો. મોમનની પીછાણ એજ છે. આમ કરવાથી જરૂર તે માફ કરશે.

મોમ્બાસા તા. ૧૪-૮-૧૯૦૫

ઈન્સાન ઉપર જે દુઃખ પડે છે, તે મોમનને સુખરૂપ લાગે છે. ઈન્સાન ઉપર બિમારી, કોઢિયાપણું, રકતપિત વિગેરે દરદ આવે છે, પણ મોમન તેનો અંદેશો

રાખતો નથી અને નાખુશ બનતો નથી.

મોમનને અગર રકતપિતનું દરદ હોય તો પણ તેનું દિલ નુરાની અને દરિયાના પાણી જેવું સફેદ હોય છે. તેના ઉપર ગમે તેટલા દુઃખ આવી પડે તો પણ તેમને તે દિલ ઉપર લાવતો નથી.

મોમ્બાસા, તા. ૭–૧૧–૧૯૦૫

મોમન છે તે કોઈ પણ બિમારી અથવા બીજી બાબતથી ડરતો નથી.

મોમનને ખુશી અથવા નાખુશી શા માટે જોઈએ ?

મોમન જ્યારે ગુજરી જાય છે. ત્યારે ખુદાવંદતઆલાની હુજુરમાં પહોંચે છે.

મોમન હોય તે દીન ઉપર મજબૂત થઈને ચાલે. એ નિશાની મોમનની છે.

મોમ્બાસા, તા. ૫–૧૧–૧૯૦૫

ધર્મ કરવાનો છે, તે દિલની અંદરનું કામ છે. મોમન અને મુર્શીદની વચમાં એક રસ્તો છે. અલહમ્દોલિલ્લાહ અગર તમારા દિલમાં મહોબ્બત હશે તો ઘણું છે. મહોબ્બતથી સર્વે ચીજો છે.

કચ્છ નાગલપુર, તા. ૨૮–૧૧–૧૯૦૩

ખુરાસાનના મુલકમાં પણ અમારા સતપંથી મોમનો છે. બીજાઓને, બેદીન કરનારા મુલ્લાઓ પોતે જ આપણા દીનમાં આવે છે. આવા મહાન કામ ખુરાસાની મુરીદો કેવી રીતે કરી શકે છે? ખુરાસાની મુરીદો ખરા મોમન છે. તેમનામાં પુરેપુરૂં ઈમાન, ખરી ઓળખાણ અને પુરેપુરી હિંમત છે.

મંજેવડી, તા. ૨-૧૧-૧૯૦૩

જેમ આ ગીરનારનો પહાડ હમેશાં એક જગ્યાએ સ્થિર થઈને ઉભો છે, તેમ મોમનનું ઈમાન પહાડ માફક જોઈએ.

જે હકીકતી મોમનને સતપંથ દીનની સમજ છે તે કદી પણ શેતાનની બાજી ખાશે નહિ.

કચ્છ નાગલપુર, તા. ૨૯-૧૧-૧૯૦૩

જો ધરમના કામ માટે તમારામાં હિંમત હશે, તો તમારા પાસે અખુટ દોલત છે. સરકારની ખિદમત બજાવવી એજ મોમનનો પૈસો છે અને એજ મોમનનું લક્ષણ છે.

જંગબાર, તા. ૨૨-૮-૧૯૦૫

જે કોઈ જમાતખાનું બંધાવે છે તે ઘણો સારો મોમન છે. એવું નેક

કામ જે મોમન કરે છે તેને અમે હંમેશા દુઆ ફરમાવીએ છીએ.

જંગબાર, તા. ૨-૯-૧૯૦૫

જેમ અમે અહીંયા હમણા હાજર બેઠા છીએ, તેજ પ્રમાણે મોમન પાસે અમે હંમેશા હાજર છીએ.

જંગબાર, તા. ૫-૯-૧૯૦૫

એક એક મોમન અમને યાદ છે.

મોમનનું દિલ ટેલીગ્રાફ અને ટેલી-ફોન માફક છે. જેને એક છેડે મુરશીદ છે તથા બીજે છેડે મોમન છે. જ્યારે તમે અમને યાદ કરો છો, ત્યારે તેજ વખતે તમે પણ અમને યાદ આવો છો.

જંગબાર, તા. ૪-૯-૧૯૦૫

તમે પંજેભાઈઓ અમારૂં લશ્કર છો.

તમે અમને ઘણા વહાલા લાગો છો અને અમે તમને અમારા અજીજ ગણીએ છીએ.

મોમન અમારી ઔલાદ છે.

જંગબાર, તા. ૧૪-૯-૧૯૦૫

અમે તમો મોમનને જે અમારા મુરીદ છો તેમને અમારી આંખ કરતાં પણ વધારે નજીક સમજીએ છીએ.

જો કે બાતુનમાં અમે સર્વે જાણીએ છીએ તો પણ મોમનને વાજબ છે કે અમને જાહેરીમાં પણ ખબર આપે.

પુના, તા. ૧૨-૧-૧૯૦૮

તમે તો ફકત ઈબાદત બંદગી વખતે ત્રણ ચાર કલાક અમારામાં ધ્યાન રાખતા હશો પણ અમે તો ચોવીસે કલાક મોમનના ખ્યાલમાં રહીએ છીએ.

જંગબાર, તા. ૧૭-૯-૧૯૦૫

અમારૂં દિલ હંમેશા મોમનની નજદીક છે. ઇન્સાનના શરીરના રૂંવાડા છે, તે કરતાં પણ નજદીક તમારા દિલમાં અમે બેઠા છીએ.

જે મોમન સચ્ચાઈથી વર્તે છે તે કોઈથી ડરતો નથી. તેનું દિલ વાઘ ને સિંહ જેવું બની જાય છે.

તમે મુરશિદના હકીકી મોમન છો. તમે ચોકસી કરો અને દિન પ્રતિદિન વધારે ભલા થતા જાઓ.

મોમન છે તે ફિરસ્તાથી પણ ઊંચી જગ્યાએ જઈ શકે છે.

જંગબાર, તા. ૭-૬-૧૮૯૯

મોમન બંદગી કરે છે તે દોજખની

બીકથી કે જન્નતની ઉમેદથી નહીં, પણ ખુદાની મહોબ્બત તથા ઇશ્કથી કરે છે.

મોમન જેમ જેમ ખુદાવંદતઆલા સાથે વધારે અને વધારે મહોબ્બત રાખે છે તેમ તે ખુદાને વધારે ને વધારે નજીક થતો જાય છે. ત્યારે તે ખુદાને પ્રત્યક્ષ જુએ છે.

જંગબાર, તા. ૧૭–૯–૧૯૦૫

મોમન છે તે તલવાર અથવા બીજા કોઈ હથીયાર તેમ મોતથી પણ ડરતો નથી. મોત તો મોમન વાસ્તે ખુશીનો દિવસ છે.

મોમન શખ્સ છે તે મોતથી જરા પણ ડરતો નથી.

જંગબાર, તા. ૨–૯–૧૯૦૫

મોમન વાસ્તે દુનિયા કેદખાનું છે,

મોમન જ્યારે દુનિયામાંથી ગુજરી જાય છે, ત્યારે કેદખાનામાંથી નીકળીને બગીચામાં જાય છે, તેના વાસ્તે દિલગીર થવું નહી.

રાજકોટ, તા. ૨૩–૧૦–૧૯૦૩

અમારા ફરમાન ઉપર ચાલે છે, તેજ અમારા ખરા મોમન છે.

હઝરત મૌલાના ધણી સલામત સરકાર આકા સુલતાન મુહમ્મદશાહ દાતાર ઈમામે ફરમાવ્યું કેઃ–

જંગબાર, તા. ૧૬–૯–૧૮૯૯

તમે વિચાર કરો કે રૂહ કયાંથી આવ્યો અને પાછો કયાં જશે?

અમારા ફરમાન બરાબર દિલમાં રાખજો ભૂલી નહીં જશો.જરા પણ ગફલત

નહીં કરતા.

તમે દિવસમાં બે કલાક વિચાર કરો કે રૂહ કયાંથી આવ્યો, પાછો કયાં જશે?

તમારા દિલમાં એ ખ્યાલ જોઈએ કે રૂહ કયાંથી આવ્યો? અને પાછો કયાં જશે? એ ખ્યાલ દિલમાંથી અળગો નહિ કરજો, આ બધો ઈશ્ક તમારા વિચાર અને મહોબ્બત વાસ્તે છે. અમે તમારા માટે ઈશ્ક ઈચ્છીએ છીએ, તેથી સારો રસ્તો તમને દેખાડીએ છીએ.

જંગબાર, તા. ૩૧–૮–૧૮૯૯

રૂહ બદનમાં છે, તે કેદખાનામાં છે. મોમનને વાજબ છે કે, કેદખાનામાંથી રૂહને કાઢીને સારી જગ્યામાં રાખે.

રૂહ જ્યાં સુધી બદનમાં છે ત્યાં સુધી કેદમાં છે. તે જોવામાં આવશે નહિ.

રૂહ બદનમાં છે ત્યાં સુધી, તે કયાંય પણ જોઈ શકશે નહિં. જ્યારે બદનમાંથી નીકળશે ત્યારે, સર્વે જગ્યાએ જોશે. જ્યાં સુધી બદનમાં છે ત્યાં સુધી આગળ, પાછળ, આજુબાજુ કયાંય પણ જોઈ શકશે નહિ.

જંગબાર, તા. ૧૪–૯–૧૮૯૯

સમજદાર ઈન્સાનને મોટી ઉમેદ રાખવી જોઈએ; તે એ છે કે, રૂહ જે ઠેકાણેથી આવ્યો છે તે અસલ મકાને પહોંચે.

જેમ મોટી નદીનું પાણી દરિયામાં પહોંચે છે, તેમ ઈન્સાનનો રૂહ પણ મોટા દરિયામાં જઈ પહોંચે છે.

રૂહનો પણ દરિયો છે. રૂહ પણ ત્યાં જશે તે એવી ઉમેદ રાખે કે, અસલ

મક્કાને પહોંચ્યું.

તમારે ખ્યાલ કરવો જોઇએ કે, રૂહ કયાંથી આવ્યો? પાછો રૂહ કયાં જશે? જેઓ ફિલસુફીની કિતાબો પડયા છે, તેઓ સર્વે જાણે છે.

જામનગર, તા. ૧૫-૪-૧૯૦૦

જો તમે મોમન થવા ઇચ્છતા હો તો, રૂહના ડોકટર પાસે જઇ દવા લીયો. બદનનો ડોકટર હકીમ છે. બદનમાં કાંઈ રોગ હોય તો, દુનિયાના ડોકટર પાસે જાઓ. રૂહની અંદર બિમારી હોય તો, રૂહના ડોકટર પાસે જવું જોઈએ અને તેની પાસેથી દવા મેળવવી જોઇએ તો ફાયદો થાય.

જંગબાર, તા. ૧૪-૯-૧૮૯૯

તમે બીમારીની દવા લેવા અમારી

પાસે આવો છો પણ અમે ડોકટર નથી, અમે તો રૂહના ડોકટર છીએ. માથું અથવા બદનની બીમારીના ડોકટર અમે નથી. અમે તમારા રૂહના ડોકટર છીએ.

દારેસ્સલામ, તા. ૨૬-૯-૧૮૯૯

અમે દુઆ કરીએ છીએ કે, હંમેશા તમારૂં દિલ સાફ હોય. તમારો રૂહ હંમેશા સફેદ હશે. બધી જમાતને માટે અમે એવીજ દુઆ કરીયે છીએ.

દારેસ્સલામ, તા. ૨૭-૯-૧૮૯૯

ઈન્શાઅલ્લાહ તમારો રૂહ સફેદ છે પણ અમે તમને કહીએ છીએ કે તમે પોતાની સંભાળ લ્યો.

એક કલાક ખ્યાલ કરજો કે રૂહ શું છે? આવી રીતની આદત હોય, ત્યારે

મોમન થાય.

વઢવાણ કેમ્પ, તા. ૧૮-૧૦-૧૯૦૩

તમારા રૂહના ચિરાગમાં રોગાનનો ઢગલો છે પણ તેને દિવાસળીથી સળગાવો નહિ તો રોશની કેમ થાય?

તમારી ફઝીલત તથા સારો વખત રૂહને ઓળખવાનો છે. હાલ તમારી બન્ને બાજુએ બે રસ્તા છે. એક તરફ એક સડક ગઈ છે તથા બીજી તરફ બીજી સડક ગઈ છે. એક સડક હેવાન એટલે બદનની છે અને બીજી સડક રૂહની એટલે ફિરસ્તાની છે. ફિરસ્તાની સડક આસમાન ઉપર જાય છે. જો તમે એ

સડક પકડશો, તો સાતમે આસમાને જઇ પહોંચશો.

અગર એ સડક છોડી આપશો, તો તમારો રૂહ જમીન ઉપરજ રહેશે. સાતમા આસમાન ઉપર જે સડક જાય છે તેનો ખ્યાલ કરો.

વઢવાણ કેમ્પ, તા. ૧૯–૧૦–૧૯૦૩

પીર સદરદીને જે રૂહાની ગીનાન ફરમાવ્યા છે તથા હાજર જોમાના જે ફરમાનો છે તેને તમે યાદ કરો.

તમારા દિલના રૂહને અહેવાલ પૂછો કે અંદર જીવ કેવી રીતે ચાલે છે? રાત દિવસમાં બે ત્રણ કલાક જીવ સાથે ખ્યાલમાં રહી તેની સાથે વાતચીતમાંર હો.

તમે ઉપર જવાનો ખ્યાલ રાખો, એટલે કે પોતાના રૂહનો ખ્યાલ આસમાન ઉપર જવાનો રાખો.

જેઓ માએના સમજતા નથી, તેનો રૂહ તેમાં હોતો નથી. તે ફક્ત મોઢાથી બકબકબાટ કરે છે.

તમે શુકોના અદા કરો કે આ સતપંથ દિનમાં તમારો જન્મ થયો છે. તમે તે ઉપર તમારો ખ્યાલ રાખો. જો તે ઉપર તમારો ખ્યાલ હશે અને તમારા બદનમાંથી રૂહ નીકળી જશે તો પરબારા બહેસ્તમાં જશો.

બહેસ્તથી પણ વધારે પાક એક જગ્યા છે. ત્યાં રૂહને પહોંચવું જોઈએ.

રૂહ છે તે તમારો આગળનો જીવ છે, તેને તમે દિલમાં એક કરો.

તમે ક્યાં સુધી બેદિલ રહેશો? તમારો રૂહ ક્યાં સુધી ખાકમાં રહેશે? પાક છે તે ચીજ બીજી છે અને ખાક છે

તે પણ બીજી ચીજ છે. તમે ચોકસાઈ કરો. હાલ તમે ખાક છો. એ ખાકમાંથી તમે પાક થાઓ. જો તમે પાક થઇ જાઓ, તો પછી તમારા ખોળીયાને બાળી નાખવામાં આવે અથવા કૂતરા ખાઇ જાય, તેમાં કાંઇ પણ એબ નથી. ખાક ચીજ હતી, તે તો અંતે ખાક છે પણ બદનમાં જે રૂહ છે, તે પાક ચીજ છે.

જેનો રૂહ પાક હશે તે જીબ્રાઇલ ફિરસ્તાથી પણ ઊંચે દરજ્જે જશે એટલે કે, પયગમ્બર જેવો થશે.

રૂહને પાક કરવાની રીત શું છે? પહેલું એ છે કે; ઇમાન પાક હોવું જોઈએ.

પહેલવાન થવાને જેવી કસરત કરો

છો, તેવી કસરત રૂહ સાથે કરો, ત્યારે આગળ વધી શકો, ત્યારે તમે રૂહના પહેલવાન થઈ શકશો.

કચ્છ મુંદ્રા, તા. ૨૧-૧૧-૧૯૦૩

દુનિયામાં એક પહેલવાન પોતાના બદનની તાલીમ લીએ છે, તેજ પ્રમાણે ધર્મિ ઈમાની માણસો પોતાના રૂહની તાલીમ લીએ છે.

નૈરોબી, તા. ૬-૧૦-૧૯૦૫

માણસ બદનની કસરત કરે છે, ત્યારે કસરતબાજ કહેવાય છે. તે કસરત-બાજ થવા સારૂં નાનપણથી પોતાના શરીરને ઘણી ઘણી રીતે દુઃખ આપે છે અને એવી રીતે આસ્તે આસ્તે કસરત કરવાની આદત પાડે છે. પોતાના શરીરને જુદી જુદી રીતે વાળવાની ટેવ પાડવા

સારૂં તે દુઃખ સહન કરે છે. જ્યારે તેને બરાબર આદત પડી જાય છે, ત્યારે ઘણી સહેલાઇથી કસરત કરી શકે છે. આખરે તેનામાં એટલી બધી કુવ્વત આવે છે, કે રૂપિયાના સિક્કાને હાથથી ટૂકડે ટુકડા કરી શકે છે. તમારા રૂહ વિષે પણ એમજ છે.

મંજેવડી, તા ૩૧-૧૦-૧૯૦૩

બદનને મહેનત તથા કુવ્વત આપવાથી પહેલ્લવાન થવાય છે, તે તમે જાણો છો, તેવી જ રીતે બાતુની ઇબાદત વડે રૂહને કસરત આપશો તો તમે ફિરસ્તા થશો.

નૈરોબી, તા. ૪-૧૦-૧૯૦૫

તમારા રૂહને પણ એવી આદત આપો કે તે હંમેશા ખુબીના સારાં કામો કરે.

જ્યારે રૂહને સવાબના કામ કરવાની આદત થશે ત્યારે તમારો રૂહ પહેલવાન મિસાલ થઇ જશે અને ફિરસ્તા જેવો બની જશે બલકે ફિરસ્તાથી પણ ઊંચી હાલતે પહોંચશે.

અમો તમોને દુઆ કરીએ છીએ. તમે તમારા રૂહને એવી કસરત આપો કે તે મોજીજા કરી શકે અને તમે પોતાની અસલ જાતને ઓળખી શકો.

તમારા રૂહને સારા કામ કરવાની આદત પાડો.

તમે રૂહને જેવી આદત આપશો તેવી આદત તે પકડી લેશે.

તમારા રૂહને પાક કામ કરવાની આદત આપશો તો આસ્તે આસ્તે તમારા

બદનમાંથી હેવાનગતી યાને જાનવરપણું નીકળી જશે અને આખરે મરણ અગાઉ તમારો રૂહ ફિરસ્તા જેવો થઈ જશે.

જંગબાર, તા. ૧૭–૮–૧૯૦૫

પોતાનો રૂહ અસલ મકાને પહોંચે તો સારૂં. એવું ન બને કે રૂહ અહીંયા જ રહી જાય અને ઢોર માફક ખાય તથા સુવે.

રાજકોટ, તા. ૨૪–૧૦–૧૯૦૩

તમારો રૂહ પાક અને સાફ છે કે નહીં તેની તપાસ રાખજો.

અગર મેલો દીઠામાં આવે તો જેમ આરસીને સાફ કરવામાં આવે છે, તેમ સાફ કરી નાખો.

રાજકોટ, તા. ૨૩-૧૦-૧૯૦૩

તમે મૌલાનું લશ્કર છો. તમે મોમન રૂહાની લશ્કર છો.

તમે દીલમાં ચોક્કસાઈ કરો અને રોજ બરોજ તમારા ઇમાન તથા રૂહને કુવ્વત આપો.

રાજકોટ, તા. ૨૧-૧૦-૧૯૦૩

તમારા બદનમાં રૂહ છે, તેની કસરત ઈબાદત છે. જો તમે જમાતખાનામાં નહિ જાઓ, તો ઈબાદતની કસરત કેમ થશે?

તમે દિલથી ચોક્કસાઈ કરો અને પાક થાઓ. ઇન્સાન કેવી રીતે પાક થાય છે? આંખ, કાન, નાક, મોઢું સર્વે પાક થાય ત્યારે રૂહ ઉપર ચડી શકે.

જેનું દિલ પાક હોય અને જેનો

રૂહ રાત દિવસ ખુદાવંતઆલા સાથે મેળાપ કરતું હોય તેવા લોકો પોતાની હિંમતથી ઉંચે દરજ્જે પહોંચી શકે છે.

જે લોકો ગામમાં છે, તેઓની રૂહાનીને નસિહતના બોલ સમજાવવા જોઇએ.

તેઓ એમ ન કહે કે દીનના બોલ અમારી રૂહાનીને સંભળાવવામાં નહોતા આવ્યા.

દીન અને નસિહતના જે બોલ તેઓની રૂહાનીને પહોંચવા જોઇએ, તે જ્યારે પહોંચતા નથી ત્યારે તેનું દિલ દરેક ઠેકાણે ફરતું ફરે છે.

તમારા દીનમાં તથા બીજાના દીનમાં કેટલો બધો ફરક છે? તમે ખ્યાલ કરો. તમારો દીન રૂહાની છે અને બીજાઓનો

દીન જીસ્માની છે.

રૂહાની તથા જીસ્માની દીનમાં કેટલો બધો ફરક છે? તે મુખી કામડીઆ બચ્ચાંઓને નહિ સમજાવે અને નાનપણમાં તેઓની રૂહાનીને નસિહતના બોલ નહી લાગે, તો જીસ્માની દીન બચ્ચાંઓના ધ્યાનમાં બેસી જશે.

કચ્છ નાગલપુર, તા. ૨૯–૧૧–૧૯૦૩

માસ્તર હોશિયાર હોવો જોઈએ, તેમ રૂહાની ઈલમથી પણ વાકેફગાર હોવો જોઈએ.

રાજકોટ, તા. ૨૦–૨–૧૯૧૦

અમારા મોમનની જે ખિદમત કરે છે, તે અમારી ખિદમત કરે છે. મોમનનો રૂહ તે અમારો રૂહ છે.

જે કોઈ મોમન દુર દેશાવરથી

મહેનત લઈને અમારી હજુરમાં આવે છે, તેને અમો દુઆ આશિષ આપીએ છીએ. બીજી દુનિયામાં તેનો રસ્તો આસાન થાય છે.

દારેસ્સલામ, તા. ૨૦-૯-૧૮૯૯

તમોએ જોયું છે કે, વરસાદ આસમાનમાંથી જમીન પર પડે છે. જમીન પર પડીને સુકાઈ જાય છે. તે ટીપું ટીપું થઈને નદીમાં મળે છે. નદી દરિયામાં મળે છે. સઘળું પાણી અંતે પાછું દરિયામાં જાય છે. તેજ પ્રમાણે તમારો રૂહ અસલ છે. તેનું મકાન ઘણું જ મોટું છે.

મૌલા મુર્તઝા અલીએ ફરમાવ્યું છે કે જેણે પોતાને ઓળખ્યો તેણે જાણે કે

ખુદાને ઓળખ્યો. જ્યાં જોઇએ છીએ ત્યાં રૂહ--દોસ્તને જોઇએ છીએ.

જ્યારે તમે માણસને જુઓ છો. ત્યારે માણસની શિકલ જોવામાં આવે છે. હાથ, પગ, મોઢું, આંખો, સર્વે દીઠામાં આવે છે, પણ રૂહ દીઠામાં આવતો નથી.

તમે રૂહને જોવાની તજવીજ કરો.

જેઓ ત્યાં પહોંચ્યા, તેઓ પોતાના રૂહના આશક હતા, રૂહના દોસ્ત હતા. તેઓ તે મકાને પહોંચ્યા.

બહેશ્ત પણ દુનિયા માફક છે. રૂહની જે અસલ ઉમેદ છે તે બીજું જવહેર છે.

રૂહ કેદખાનામાં કોઈ વખત ખુશી નથી.

તમે આસ્તે આસ્તે ઉડવા લાગશો. ઈલમવાળો રૂહ પગથિયું પગથિયું ઉંચે ચડશે. તે એક દાદર પુરો કરી બીજા દાદર ઉપર ચડી શકશે, પણ જેને ઈલમ નથી તે કહે છે કે હું તો કયાં હવે જતો નથી. અહીંયાજ બેઠો છું.

જામનગર, તા. ૧૪–૪–૧૯૦૦

તમારો દીન એવો છે કે તેના ઉપર અમલ કરો તો ફિરશ્તા અને મલાએક જેવા થાઓ અને તમારો રૂહ પાક થઇ જાય.

ભાગામોયા, તા. ૨૧–૯–૧૮૯૯

જો તમોને આખરત જોઈતી હોય તો પોતાના રૂહને ખુદાના ઈશ્ક તથા મહોબ્બતમાં રાખજો.

મંજેવડી, તા. ૩-૧૧-૧૯૦૩

તમે દુનિયામાં ગુન્હા કરો છો, ઇમાનમાં સુસ્તી રાખો છો. દુનિયા તથા શેતાનની બાજી ખાઓ છો, તેથી તમારો આદમપણાનો રૂહ સંગીન એટલે ભારે થઈ જાય છે.

તમારા ખ્યાલ એવા રાખો કે મરવા પછી તમારો રૂહ અવતાર લઈને પાછો ત્યાંથી નહિ વળે અને પાછો દુનિયામાં અવતાર નહિ લીયે.

મંજેવડી, તા. ૫-૧૧-૧૯૦૩

તમે એવો હુન્નર કરો કે જેથી તમારો રૂહ ફિરસ્તા જેવો થાય.

તમે આદમજાત ઇન્સાન છો. તેથી તમારા દીનની મતલબ સમજો, જો તમે એટલું સમજો કે તમારો રૂહ શું ચીજ

છે? તો તમે કોઈની પણ બાજી ખાશો નહિ.

તમારા રૂહનો અવતાર પહેલાં પથ્થ-રથી શરૂ થાય છે.

કચ્છ મુંદ્રા તા. ૨૨-૧૧-૧૯૦૩

ઇન્સાન ખ્યાલ કરતો નથી કે જો મરણ પછી કયામતમાં તે એવો જવાબ આપશે કે, ફલાણાએ મારા રૂહને ફરેબ દીધો તો તે બહાનું કાંઈ પણ ચાલવાનું નથી.

કોઇ માણસ પાસે આખી બાદશાહી હોય એટલે કે, તેને ઘેર આખી દુનિયાનું રાજ હોય તેની પાસેથી બાદશાહી છીનવી લઈને તેને ફકીર બનાવવામાં આવે તો, તેની કેવી ખરાબ હાલત થશે ? હવે તમે ઈન્સાન રૂપી ઉત્તમ દેહમાં આવ્યા પછી ફિરસ્તા થવાને બદલે ઈન્સાન મટીને હેવાન

જેવા બનશો. તો તમારી પણ એવી જ ખરાબ હાલત થશે, માટે તમે સચ્ચાઈથી, પાક દીલથી રૂહની સફાઈથી, પાક નઝરથી પાક હાથથી, દરેક રીતે દરેક બાબતમાં ચાલશો તો હીંદુ અથવા અંગ્રેજ હોય અથવા બીજી કોઈપણ નાતવાળો હોય તે તેમને જોઈને પૂછશે કે તમે કયા દીનના રસ્તા ઉપર ચાલો છો? તે અમને દેખાડો.

કચ્છ ભદ્રેસર, તા. ૨૩–૧૧–૧૯૦૩

આ દુનિયામાં બે જાતના મોમન છે જેમાં એક બદનના મોમન છે તથા બીજા રૂહના છે.

બીજા જે રૂહના મોમન છે, તે એવા થાય છે કે દીનના કામમાં તેઓ આગળ અને આગળ કદમ ભર્યા કરે છે. તેઓ

ઊભા રહેતા નથી. તે મોમનો નિરંતર આગળ વધ્યા જ કરે છે. આવા માણસો બહેસ્તથી પણ ઉંચે જશે.

કચ્છ નાગલપુર, તા. ૨૫–૧૧–૧૯૦૩

સારા કામ અખત્યાર કરો અને તમારા રૂહને સારે રસ્તે ચલાવો.

કચ્છ નાગલપુર, તા. ૨૭–૧૧–૧૯૦૩

જેમ તમે વેપારમાં અથવા બીજા કામમાં સહી કરી કબૂલ થાઓ છો, તેમ કાંગવા ભરાવીને અમે તમારા રૂહની સહી લઈએ છીએ

નાગલપુર, તા. ૨૮–૧૧–૧૯૦૩

તમારામાં જે રૂહ છે, તે શું છે અને ક્યાંથી આવ્યો, એવા વિચાર તમે કેમ કરતા નથી ?

તમે હંમેશા વિચાર કરો કે તમારો રૂહ શું ચીજ છે? તમે તેને તેની અસલ જગ્યાએ કેમ પહોંચાડતા નથી? તેને અસલ જગ્યાએ પહોંચાડવા માટે તમે કેમ હિંમત કરતા નથી?

તમે જાણો છો કે આ દુનિયામાં સર્વે નદીઓ આખરે દરિયાને મળે છે. દરિયામાં મળી ગયા પછી કોઇ પણ તેને નદીનું નામ આપતું નથી. તેજ પ્રમાણે અમે એક દરિયારૂપે છીએ. તમારા રૂહનો આખરનો છેડો દરિયામાં એટલે અમારા પોતામાં છે. છેવટે તમે દરિયામાં જ મળી જશો.

તમે ઘણાજ બેહિંમત છો. તેથી

તમારો રૂહ જલદીથી ત્યાં પહોંચી શકતો નથી.

જુઓ આ કચ્છના મુલકમાં જે નદીઓ છે, તે દરિયામાં મળી શકતી નથી. રસ્તામાં જ સુકાઈ જાય છે. આ પ્રમાણે જે લોકો બેહિંમત છે, તેઓનો રૂહ પણ આ કચ્છની નદીઓની માફક રસ્તામાંજ સુકાઈ જાય છે.

તમારો રૂહ એક નદીની મિસાલ છે. તમે તેને રસ્તામાં સુકાઈ જવા નહી આપો.

હિમતવાળાનો રૂહ જલદીથી દરિયામાં મળી જાય છે. પણ જે લોકો નાહિંમત છે, તેઓનો રૂહ કચ્છની નદીઓની માફક રસ્તામાંજ સુકાઈ જશે

તમે તમારા રૂહને રસ્તામાં સુકાવા

આપો નહીં, પણ દરિયામાં મળી જવા આપો. તમે આ બાબત પર સારી રીતે ખ્યાલ કરજો.

જંગબાર, તા. ૧-૯-૧૯૦૫

તમે જમાત ચાંદ રાતના દિવસે મહોબ્બત તથા ઇશ્ક સાથે જમાતખાનામાં એકઠા થાઓ છો, તેમ હંમેશા મગરિબ વખતે એકઠા થતા રહો અને હંમેશા ગિનાન ઈલ્મનો મુશાહેદો તથા વાએઝ કરજો. આ બાબતમાં જરા પણ સુસ્તી અથવા ગફલત કરશો નહિ. આમ કરશો તો તમારા રૂહ હંમેશા સાફ રહેશે.

ચાંદરાતનો કોઈ પંજેભાઈ આ દુનિયામાંથી ગુજરી જાય, ત્યારે સર્વે પંજેભાઈ એકઠા થઈ મીજલસ કરજો અને તેના

રૂહના હકમાં દુઆ કરજો. આવી રીતે મરેલા શખ્સના રૂહને મુક્તિ મળે છે.

જંગબાર, તા. ૧૪–૯–૧૯૦૫

તમારા રૂહની ચોકસી રાખજો કે તમે ફિરસ્તા થઇ જાઓ, બલકે ફિરસ્તાથી પણ ઊંચી હાલતે પહોંચો.

મંજેવડી, તા. ૫–૧૧–૧૯૦૩

અમારા ફરમાન પર બરાબર ધ્યાન રાખશો તો આ દુનિયા તથા પેલી દુનિયા બન્નેમાં તમે સારી રીતે રહેશો. અમે તમારી પાસે રહીશું અને તમારો રૂહ પાક તથા સાફ રહેશે.

કચ્છ મુંદ્રા, તા. ૧૭–૧૧–૧૯૦૩

તમે સર્વે જણા તમારા દિલ સાથે સહી કરો કે તમે ઇન્સાન છો, માટે તમે એવી સારી રીતે ચાલો અને તમારો

રૂહ એવો સાફ રાખો કે તમે ફિરસ્તા જેવા સારા થાઓ. તમે હિંમતવાન થાઓ, અને પાક થાઓ.

જંગબાર, તા. ૧૭-૯-૧૯૦૫

હંમેશા તમારા રૂહને સાફ રાખો.

હંમેશા રૂહને સારા કામની આદત આપો. સર્વે કામથી આ કામ મોટું છે. તમે રૂહને સારા કામની આદત પાડો અને ગુનાહના કામથી વારો.

તમારૂં શરીર તંદુરસ્ત હશે, તો રૂહને પણ ફાયદો પહોંચશે.

નૈરોબી, તા. ૪-૧૦-૧૯૦૫

હસદ કરનારને એક જાતની બિમારી લાગુ પડે છે. હસદ કરનારના રૂહને તે બિમારી થાય છે, તેથી આસ્તે આસ્તે તેનું ઈમાન જતું રહે છે.

જાહેરીમાં માણસનું બદન નાપાક થાય છે પણ રૂહ નાપાક થતો નથી.

મુંબઈ. તા. ૪—૪—૧૯૦૮

બદનને બિમારી પણ લાગુ પડે છે, રૂહને કાંઈ થતું નથી.

જે કોઇ રૂહાની ઇશ્ક રાખે છે, તેજ ખુદાપરસ્ત છે.

દરેક ઈન્સાનના રૂહ સાથે ઈમામનું નુર જોડાએલું છે. અમે કહીએ છીએ કે જે કાંઈ છે તે રૂહજ છે, માટે તેની તપાસ કરો કે તે શું છે? તે કયાંથી આવ્યો? તે નુરની નિગાહ કરવી જોઈએ.

તમે પોતાના દિલમાં પોતાના રૂહને એટલે અમારા નુરને જુઓ.

પુના, તા. ૨૯—૬—૧૯૦૮

જેમ એક ખીયાબાન જંગલમાં

કોઈ તરસ્યો પાણી માટે તલબ કરે છે તેવીજ રીતે રૂહને પણ ઈમામનો ઇશ્ક હોવો જોઈએ. ઈમામના બદન ઉપર નહિ, પરંતુ ઈમામના રૂહ ઉપર ઇશ્ક હોવો જોઈએ.

રાજકોટ, તા. ૨૦-૨-૧૯૧૦

મોમનનો રૂહ તે અમારો રૂહ છે. અલહમ્દોલિલ્લાહ તમારામાંથી ઘણા માણસોએ રૂહાની કામ કર્યું છે, તેમને લાજમ છે કે પોતાના આમાલ સુધારે અને અમારા ફરમાન ઉપર ચાલે.

જેઓને ઈલ્મની ખબર નથી, તેઓને રૂહાની બાબતમાં તમારા જેવા કરો.

અમદાવાદ, તા. ૧૩-૧૦-૧૯૦૩

જે માણસ પોતાના રૂહને સંભાળે છે, તેણે તો એકજ રૂહને સંભાળ્યો.

જમાતની ખિદમત કરવામાં ઈબાદત-થી વધારે ફાયદો છે અને તે ઘણા રૂહને સંભાળવા બરાબર છે.

નૈરોબી, તા. ૬–૧૦–૧૯૦૫

હવે ઈમાન એવી રીતે પાક હોવું જોઈએ, કે તમારો રૂહ અક્કલ અને ઈશ્ક વડે પાક હોય. જો ઇશ્ક બરાબર હોય તો ઈમાન રૂહ સાથે એકજ થઈ જાય છે.

ઘોડેસવાર જ્યારે ઘોડા ઉપર સવાર થાય છે, ત્યારે લગામ હાથમાં રાખે છે અને જે બાજુએ ઘોડાને ફેરવવા માંગતો હોય તે બાજુએ ફેરવે છે; તેવી રીતે ઈન્સાન પોતાના રૂહનો મુખત્યાર છે. માટે જે રસ્તે તેને લઇ જવા માંગે તે રસ્તે લઈ જઇ શકે છે.

નફ્સ માથે તમે સવાર નહી થશો અને તમારા દિલને ગુનાહના કામથી નહિ અટકાવો તો શેતાન તમારો મુખત્યાર થઈ જશે.

ઈન્સાનના બદનમાં રૂહ છે. તેને જેવી આદત આપશો તેવી આદત પડશે.

નૈરોબી તા. ૬-૧૦-૧૯૦૫

તમે તમારો સુકો રસ્તો શોધો. તમારે સુકે રસ્તે જવું હોય તો, તમારા રૂહને પાક કરો, અને તમારા રૂહને દરરોજ સાચે રસ્તે ચલાવો. આવી રીતે તમને સુકો રસ્તો હાથ લાગશે.

જેમ ઈન્સાન વરસાદમાંથી પોતાના શરીરના રક્ષણ માટે કોટ પહેરે છે અને

છત્રી ઓઢે છે, તેમ જ ઈન્સાનનું દિલ એટલે રૂહ પાક હોય, જેને ગુનાહના કામ કરવાની આદત ન હોય, તેજ ઈન્સાન શેતાનના ફરેબી વરસાદથી બચી શકે છે.

નૈરોબી, તા. ૩૧-૧૦-૧૯૦૫

જાહેરીમાં અમે તમારી પાસેથી જઈએ છીએ, પણ અમારી મહોબ્બત, દિલ, તથા રૂહ, મોમનની સાથેજ છે. અને તમારી સાથેજ રહેશે. એટલે કે જમાતખાનામાં રહેશે.

અમારો રૂહ તથા મહોબ્બત મોમનના દિલની નજીક છે.

તમે એવા થાઓ કે જેમ અમારો રૂહ તમારી નજદીક તમારા દિલમાં છે, તેમ તમારો રૂહ પણ અમારી સાથેજ ચાલે.

એવી જાતની મહોબ્બત તમે અમારા માટે તમારા દિલમાં રાખો. તમારૂં શરીરજ તમારી સાથે હોય પણ તમારો રૂહ અમારી સાથે હોય.

અમે મુંબઈ અથવા બીજે ગમે તે ઠેકાણે હોઇએ પણ તમારો રૂહ અમારી સાથેજ હોય.

તમે ચોક્કસ કરીને માનજો કે, અમારૂં માત્ર બદન બહાર છે, પણ અમારો રૂહ હંમેશા જમાતમાં હાજરજ છે.

તમે જ્યારે ઘરમાંથી બહાર નીકળો છો ત્યારે, હવા તથા વરસાદથી બચવા માટે કોટ તથા છત્રી લ્યો છો. ત્યારે રૂહના બચાવ માટે કોટ તથા છત્રી કેમ લેતા નથી ?

મોમ્બાસા, તા. ૧૧-૧૧-૧૯૦૫

તમે હંમેશા પોતાના દિલમાં યકીનથી સમજો કે, તમે અમારી રૂહાની, હકીકી ઔલાદ છો.

નૈરોબી, તા. ૪-૧૦-૧૯૦૫

અમે તમારા રૂહાની પિતા છીએ અને દુનિયાના બાપ કરતાં તમને દસ ગણા વધારે નજીક છીએ.

મોમ્બાસા, તા. ૧૨-૧૧-૧૯૦૫

તમે હંમેશા તમારા દિલથી યકીન રાખજો કે, તમે અમારી ઔલાદ છો. અમારી રૂહાની ઔલાદ છો. તમે હકીકી રીતે અમારી ઔલાદ છો, ત્યારે તમને વાજબ છેકે, અમે પિતા છીએ તેની માફક તમારે ચાલવું જોઈએ.

મોમ્બાસા, તા. ૧૨ –૧૧–૧૯૦૫

તમે અમારા રૂહાની બચ્ચા છો. જમાત અમારી ઔલાદ છે.

તમે અમારી રૂહાની ઔલાદ છો અને રૂહ એકજ છે.

મુંબઈ, તા. ૩૦–૩–૧૯૦૮

તમે રૂહ પરસ્ત છો માટે તમારે રૂહ પરસ્તજ રહેવું જોઇએ.

મુંબઈ, તા. ૯–૧–૧૯૦૮

અમારા ફરમાન તમારા રૂહને પહોંચાડો. એ મોટી ચીજ છે.